# વર અને ટાવર પકડાતા નથી

## ન બોલવામાં નવ ગુણ


★ નટવર પંડયા

“વર અને ટાવર કેટલીક વાર પકડાતા નથી.’’ વર કેટલીક વાર એવા ‘ઠેકાણે’ હોય છે કે ત્યાંથી ઘરવાળી સાથે વાત કરી શકે એવી સ્થિતિમાં હોતો નથી એટલે પછી વર સાવ જુદું જ લોકેશન બતાવે છે. આવી સ્થિતિમાં વરને પકડવો મુશ્કેલ હોય છે. એ જ રીતે જ્યારે ટાવરમાં બરાબર સિગ્નલ આવતાં નથી ત્યારે ટાવર પકડવો પણ મુશ્કેલ હોય છે. મોબાઈલ ફોને આપણી કેટલીક મુશ્કેલીઓ દૂર કરી દીધી પણ મોબાઈલ ફોનની જ આ ‘ટાવર પકડવાની’ મુશ્કેલી હજુ સુધી કોઈ 100% દૂર કરી શક્યું નથી. બીજું કે મોબાઈલ ફોન થકી લોકોમાં જૂઠું બોલવાની કુશળતા પણ બહુ સારી રીતે કેળવાઈ રહી છે. તેથી ‘જ્યાં છું ત્યાં ખરેખર નથી. પણ જ્યાં નથી ત્યાં છું’ આ મોબાઈલ ફોન ફિલોસોફી આજે સહજ બનતી જાય છે. કોઈ ‘ક્યાં છો?’ એમ પૂછે ત્યારે એમાંથી પ્રશ્નો પેદા થાય તેવા ઉત્તરો મોબાઈલધારકના મુખેથી સાંભળવા મળે છે. ભાઈ હોય લો ગાર્ડનમાં અને કહેશે લાલ દરવાજા છું. કહે કાંકરિયાની પાળે ’ને બેઠો હોય આંબલિયાની ડાળે! જેનો જવાબ નથી એવી આ લાજવાબ શૈલી મોબાઇલ થકી વિકસી છે. અમારા મિત્ર ઉલ્લુ (જેનું નામ ઉલ્લાસ છે પણ તેની પત્ની તેને પ્રેમથી ‘ઉલ્લુ’ કહીને મીઠડું સંબોધન કરે છે!) તેથી અમે પણ આ સંબોધન પૂરતા તેની પત્નીના પગલે ચાલીએ છીએ. તેનો પુત્ર કૌતુક તો આજકાલ મોબાઈલની ભાષામાં જ વાત કરે છે. એક વાર તે તેના મિત્ર બ્રોમિનને કહેતો’તો કે (અત્યારે લોકોમાં એકદમ યુનિક નામ રાખવાનો ટ્રેન્ડ છે એટલે નામ ગમે તે હોઈ શકે.આ મુદ્દે મગજ ચલાવવું નહિ કે દલીલો કરવી નહિ.) ‘‘યાર હું તો ગમે તેટલો મથું છું પણ ટાવર પકડાતો જ નથી. ક્યારેક પકડાય છે તો વાઈરસ આવી જાય છે.’’ જવાબમાં તેનો મિત્ર બ્રોમિન કહેતો, ‘‘મારે તો યાર ત્રણ ત્રણ ટાવર પકડાય છે અને તે પણ કોઈ ડિસ્ટર્બન્સ વગર!’’

કૌતુકે કહ્યું, “રીઅલી!?”

બ્રોમિન કહે, “તો શું હું જુઠ્ઠું બોલું છું!?”

કૌતુક કહે, “તું તો લકી છો યાર, હવે તો હું પણ તારે ત્યાં આવી જાઉં તો એકાદ ટાવર પકડાય. બાકી અહીં તો ટાવર અને વાઈરસ બંનેના પ્રોબ્લેમ છે.” આ સંવાદ સાંભળ્યા પછી મને નવાઈ લાગી કે કૌતુકના ઘરમાં તો ટાવરનો કોઈ જ પ્રોબ્લેમ નથી. ‘બધા જ મોબાઈલમાં વાત ક્લિયર થાય છે’ એવું કૌતુકના પપ્પા કહેતા હતા. છતાં આ કૌતુક ટાવરની ફરિયાદ કેમ કરે છે? આ બાબતે અઠવાડિયા પછી તેના ત્રીજા મિત્ર પાસેથી જાણવા મળ્યું કે ઉલ્લુ પુત્ર કૌતુક એટલે કે (ઉલ્લુ કા પઠ્ઠા) તેના ઘરની સામેના ફ્લેટમાં પાંચમા માળે રહેતા અભયરાજની પુત્રી તિલોતમા એટલે કે તિલુ સાથે કનેક્ટ થવા સક્રિય હતો. તે પોતાની બાલ્કનીમાંથી સિગ્નલ બતાવતો પણ ‘બરફ ભી કભી વોટર થા.’ એવી જ રીતે તિલોતમાની ‘મમ્મી ભી કભી ડોટર થી’ તેથી તિલુ માટે કૌતુક દ્વારા મોકલાતા સિગ્નલના સુંવાળા સંવાદોને તે તિલુ પહેલાં સમજી ગઈ અને છુપાઈને સિગ્નલ રિસીવ કરી તેની કોડ લેંગ્વેજ ઉકેલવા લાગી. પછી તિલુની મોમ પોતાના ફ્લેટની કૌતુકના ઘર તરફની બારી બંધ કરી દેતી. બંધ વિન્ડોઝ ખોલાવવા માટે પોતાની ગેલેરીમાં ગોઠવાઈને કૌતુક પોતાનું ગળું બળવા માંડે એવી દોઢ ડઝન અકુદરતી ઉધરસ ખાઈને વિન્ડોઝ ખોલવાનો પાસવર્ડ આપવા લાગ્યો.( ઉધરસ ન થઈ હોય છતાં ઉધરસ ખાય તેને અકુદરતી ઉધરસ કહેવાય.) તેથી વિન્ડોઝ ખૂલતી ખરી પણ જેમ કોથળામાંથી બિલાડું નીકળે, જેમ મદારીના કરંડિયામાંથી સાપ નીકળે તેમ વિન્ડો ખૂલતા જ તિલુને બદલે તેનો બાપ નીકળતો. તેથી કૌતુકનું મોઢું વીલું થઈ જતું ’ને કૌતુક તરત જ ‘વાઈરસ વાઈરસ’ કરતો બાલ્કનીમાંથી હાઈડ થઈ જતો. વળી આ વાયરસ એટલો સ્ટ્રોંગ હતો કે કૌતુકને ચોવીસ કલાક એવો ભય સતાવતો કે આ વાઈરસ જરૂર એક દિવસ પોતાના પર ત્રાટકશે.




આમ કૌતુક માટે તિલુના પપ્પા સાક્ષાત વાઈરસ સ્વરૂપ હતા. તેથી કૌતુકના મિત્ર બ્રોમિને કહ્યું, “તો પછી તું ટાવર બદલી નાખ. તિલુને રિમુવ કર અને પેલી ડોલીને દિલમાં એડ કર. તેનાં મમ્મીપપ્પા તો દિલના ઉદાર છે. તું ડોલી સાથે ગમે તેટલી ચેટ કરીશ તોય તારી ફેંટ નહિ પકડે કે તને ડિસકનેક્ટ નહીં કરે.’’ ત્યારે ઉલ્લુપુત્રે કહ્યું, “વાત બરાબર છે પણ ડોલી તો કાયમ કવરેજ ક્ષેત્રની બહાર જ હોય છે. તેનું ઘર અહીંથી આઠ કિમી દૂર હોવા છતાં જુદા જુદા બહાને મેં સોળ વખત તેના ઘેર ધક્કા ખાધા પણ સાલી દરેક વખતે ડીસેપીઅર જ હોય. કમબખ્ત કાયમ નોટ રીચેબલ જ હોય. છેક તેના ઘર સુધીનો ધક્કો ખાઈને હું મારે ઘેર પાછો ફરું ત્યાં તો મારી બેટરી સાવ લો થઈ જાય છે અને મૂડ એવો ખરાબ થઈ જાય કે અઠવાડિયા સુધી બેટરી ચાર્જ થતી નથી. એમ તો મને વાયા વાયા મેસેજ મળ્યા છે કે પેલી ડોલીના પપ્પા મારા વિશે વાત કરતા કરતા ડોલીને કહેતા હતા કે ઠેકાણું સારું છે જો તારો વિચાર હોય તો ગોઠવીએ પણ ડોલીના દિમાગમાં ઓલ લાઈન ક્લિયર થતી નથી.’’ તેના મિત્ર બ્રોમિને પોતાની સમસ્યા જણાવતાં કહ્યું, “મારે ટાવરનો તો કોઈ પ્રોબ્લેમ નથી પણ આજકાલ મારું આઉટગોઈંગ એટલું બધું વધી ગયું છે કે પપ્પા મને ન છૂટકે કંટ્રોલ કરવા માંગે છે. મારે ત્યાં તો ઈનકમિંગ પણ સારું એવું છે. પહેલા ત્રણે ત્રણ ટાવરમાંથી વારાફરતી નોટ બુક્સ લેવાદેવાના બહાને મારે ઘેર કન્યાઓનું ઈનકમિંગ ચાલુ જ રહેતું. તેથી મારી મમ્મી એલર્ટ મોડ પર આવી ગઈ. હવે તો કેટલીક વાર હું ઘેર હોઉં અને કોઈ કોડીલી કન્યા મારા વિશે પૂછે તો મારી મમ્મી રોંગનંબર કહી તેને બારોબારથી વળાવી દે છે. તે ત્રણમાંથી પેલી ડેઝી આપણી ફેવરિટ છે.’’ કૌતુકે હોઠ પર જીભ ફેરવતા કહ્યું, “ઓહ, નામ પણ કેટલું લવલી છે.” ત્યારે બ્રોમિને સમજાવ્યું કે તેનું મૂળ નામ તો દેવલી હતું. બાર ધોરણ સુધી એ જ ચાલ્યું પણ કોલેજમાં આવતા જ દેવલી બદલાઈને ‘ડેઝી’ થઈ ગઈ અને ડેઝીએ પોતાની ખુશબૂ ચોતરફ ફેલાવવા માંડી. ડેઝી પાછળ આજે ઘણા કોલેજીયનો દીવાના છે અરે એટલું જ નહીં એ ડેઝીને પટાવવા માટે તો આપણી કોલેજનો પ્યૂન દેવજી પણ પુરુષાર્થ કરી રહ્યો છે. એ ડેઝીનો ક્રેઝી થઈ ગયો છે. હું ક્લાસરૂમમાં હોઉં ત્યારે પણ ઊર્મિઓની આપલે કરવા ડેઝી રિધમિક લાઈટની જેમ તેના નયન મટકાવતી-ઝટકાવતી રહે છે. ડેઝીના પપ્પા સાથે રૂબરૂ સ્પષ્ટતા કરવાની મારી ઈચ્છા મરી પરવારી છે કારણ કે તેના પપ્પા પોલીસ ઈન્સ્પેક્ટર છે તેથી તેનો વિચાર કરતા પહેલાં જ હું વાઈબ્રન્ટ મોડ પર મુકાઈ જાઉં છું કારણ કે તેના પપ્પા ‘સર્વિસ’ માટે ખૂબ જાણીતા છે. બે-એક વાર તેના પપ્પાના ઈન્સ્ટ્રુમેન્ટમાં મારા સિગ્નલ પકડાવાના કારણે તેણે મને મૌખિક મેમો આપેલો છે. તેથી હમણાં હું સાઈલેન્ટ મોડ પર છું. અહીં ‘માર ખાધો પણ જમાદાર તો જોયો’ એ સિસ્ટમ આપણાથી ફોલો થઈ શકે તેમ નથી. લાગે છે કે આ મોડલ આપણા નસીબમાં નથી. અને હા પેલું ‘રશ્મિ’વાળું કાર્ડ તો આપણે કાઢી જ નાખ્યું છે. આમ તો તે બધી રીતે કન્વીનીઅન્ટ હતી પણ તે સાલી એક સાથે ચાર ચાર સીમકાર્ડ ચલાવતી. તેથી તે કાર્ડ મારે કેન્સલ કરવું પડ્યું કારણ કે તેમાં આપણું કાર્ડ ક્યારે નીકળી જાય કાંઈ નક્કી નહીં.’’

> હું ક્લાસરૂમમાં હોઉં ત્યારે પણ ઊર્મિઓની આપલે કરવા ડેઝી રિધમિક લાઇટની જેમ તેના નયન મટકાવતી-ઝટકાવતી રહે છે. ડેઝીના પપ્પા સાથે રૂબરૂ સ્પષ્ટતા કરવાની મારી ઈચ્છા મરી પરવારી છે કારણ કે તેના પપ્પા પોલીસ ઇન્સ્પેક્ટર છે તેથી તેનો વિચાર કરતા પહેલાં જ હું વાઇબ્રન્ટ મોડ પર મુકાઈ જાઉં છું કારણ કે તેના પપ્પા ‘સર્વિસ’ માટે ખૂબ જાણીતા છે. બે-એક વાર તેના પપ્પાના ઇન્સ્ટ્રુમેન્ટમાં મારા સિગ્નલ પકડાવાના કારણે તેણે મને મૌખિક મેમો આપેલો છે. તેથી હમણાં હું સાઇલેન્ટ મોડ પર છું

કૌતુકે પોતાની વ્યથા જણાવતા કહ્યું કે મારા પપ્પા તો મને મંથલી ફિક્સ્ડ બેલેન્સ જ આપે છે છતાં વચ્ચે હું ટેકાના ભાવ જાહેર કરવાની ડિમાન્ડ મૂકું તો કહે કે તારું આઉટગોઈંગ ઓવર થઈ ગયું છે. પપ્પાને કેમ સમજાવવું કે આ લાઈનમાં તો ગમે તેટલું બેલેન્સ કરીએ છતાં સુખનું સરનામું આપણા હાથમાં આવે તેની કોઈ ગેરંટી નહિ. વળી એક્સ્ટ્રા રીંગટોન જેવી મારી નાની બહેન મારા પપ્પા આવે કે તરત જ વાગવા માંડે છે. તેથી તેને સાયલન્ટ કરવામાં પણ કેટલુંક બેલેન્સ ખર્ચાઈ જાય છે. જ્યારે જ્યારે તિલુ તેની બારીએ બેઠી હોય અને હું મારી ગેલેરીમાં ગોઠવાઈને તેને કોડ લેંગ્વેજમાં મેસેજ મોકલું છું પણ એ મેસેજ પહોંચે અને તે સમજે, તે પહેલાં તો તેના મમ્મીપપ્પા તેને વિન્ડોઝ પરથી રીમુવ કરી નાખે છે. અધૂરામાં પૂરું લેન્ડલાઈનના ડબલા જેવો તેનો ભાઈ સતત ડ્રોઈંગ રૂમની બારીએ બેઠો હોય છે. તિલુ પહેલાં તો મેસેજ એ ડબલામાં પકડાઈ જાય છે. તેથી મારે ડિસેપીઅર થઈ જવું પડે છે. અંતે તિલુને પામવાનો પરિશ્રમ પડતો મૂકીને તેની પાડોશમાં રહેતી ‘પામેલા’ એટલે કે પમ્મી સાથે કનેક્ટ થવા કોશિશ કરું છું પણ સાલી પમ્મી કોઈ રીતે એક્ટિવેટ જ નથી થતી! ઊલટાની કહે છે કે પ્લીઝ ચેક ધ નંબર, યુ હેવ ડાયલ્ડ.

જો કે યુવાનો જ પાસવર્ડ આપીને વિન્ડો ખોલાવવાની ટ્રાય કરે એવું નથી. અમારા પાડોશી એવા 54 વર્ષના ચંદુમામાના મોબાઈલની રીંગ વાગે કે વારંવાર ગેલેરીમાં દોડી જતા’તા. રૂમથી ગેલેરીનું અણધાર્યું અને એકધારું અપડાઉન જોઈને મામીએ તેને ઘઘલાવી નાખ્યા અને કહ્યું કે હમણાં તમારે એ બાજુ બહુ ટાવર પકડાય છે, કેમ!? માપમાં રહેજો નહીં તો લોક કરી દઈશ. સામેની બારીએ સેકન્ડહેન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ આવ્યું છે તેની મને ખબર છે. મામીની વાત પણ સાચી. ઘરમાં લાઈફ ટાઈમ ફ્રી ઈન્કમિંગની સ્કીમ જેવી પત્ની હોય પછી બીજી લોભામણી સ્કીમોની લાલચ ન રાખવી જોઈએ કારણ કે આ ઉંમરે એક વાર ઈન્સ્ટ્રુમેન્ટ ઘરમાંથી જશે તો પછી તમે ઢાંકણા વિનાની બોલપેન જેવા થઈ જશો. તમને કોઈ ભંગારના ભાવે પણ હાથ નહીં ઝાલે માટે આપણે અરસપરસ આપણા ટાવર પકડીને બેસી રહેવું. જો કે એ તો સૌ સમજે છે પણ શું થાય! ખોળિયું મોટું થયું છે જીવ ક્યાં મોટો થયો છે!

### ગરમાગરમ

એક હાસ્ય કલાકારે એક કાર્યક્રમમાં કહ્યું કે મને ગધેડો બહુ ગમે! બાજુમાં તેની પત્ની બેઠી’તી. તેણે કલાકારની સામે જોઈને કહ્યું, “મને ય બહુ ગમે!”